

## સુપ્રભાતમ્


સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251


### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*મચ્છરીયામાં મરતે મરતે માંડ બોલે છે,*
*ઝરમરીયામાં શરમ ભરતાં માંડ ચાલે છે,*
*આવે છે એટેક 'ડબલાં'ને 'ભારે'ની આગાહીથી -*
*'અતિભારે' નું સાંભળી ધ્રુજે, થરથર-હાલે છે.*
*(BSNLના ડબલાં)*

### હાઈકુ

*અટવાય છે*
*ટેલિફોનનું તંત્ર*
*માત્ર-ખાડમાં*

*ટેલિફોનને*
*માત્ર વાછંટથી ય*
*થાય શરદી*

### ચિંતન

**પુણ્યસ્યફલમિચ્છન્તિ પુણ્યં નૈચ્છન્તિ માનવાઃ ।**
**ફલં નૈચ્છન્તિ પાપસ્ય, પાપં કુર્વન્તિ યત્નતઃ ॥**

**ઉપરોક્ત શ્લોક ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**માણસો પુણ્યકાર્ય કરવાની જરા પણ ઈચ્છા - તત્પરતા દર્શાવતા નથી, પરંતુ પુણ્ય દ્વારા પ્રાપ્ત થતાં પરિણામો, ફળોની ઈચ્છા સૌ રાખે છે. એવી જ રીતે પાપકર્મોની સજા પરિણામ, ફળ મેળવવાની જરાય ઈચ્છા નથી હોતી, પણ પાપકર્મો આંખો મીંચીન કર્યા કરે છે.**

**સત્કાર્યો, સેવા હવે આજના યુગમાં લુપ્ત થતો જાય છે. જે કંઈ ધર્મ-દાન-પુણ્ય થાય છે એની પાછળ ટેક્સમાં મળતી રાહત તથા નામ કમાવાની ઈચ્છા હોય છે. પુણ્ય દ્વારા મળતા સુખ-શાંતિ સૌને ખપે છે પણ એવો ત્યાગ કરવો નથી. થોડું આપીને વધારે નામ કમાવાની વૃત્તિ વિશાળ થતી જાય છે. સજાનો ભય છે પણ પાપ કરતાં આંખો મીંચીને આગળ વધે છે. પુણ્ય અને પાપનો આ તફાવત લોકોએ સમજી જીવનમાં આચરણ કરવું જોઈએ.**

### સુવિચાર

- ધરતી કો કાગજ કરું, કલમ કરું બનરાઈ, સાત સમંદર સ્યાહી કરું, ગુરુ ગુન લિખ્યો ન જાઈ - **જનકલ્યાણ**
- નબળાં વિચારો અને નકારાત્મક વાતો કરનારા ઘેટાં જેવા માણસોથી દૂર રહેજો, નહીંતર તમે સિંહ હોવા છતાં ઘેટું બની જશો - **શૈલેષ સગપરિયા**
- તારી નિયતી જ તને શોધતી હોય છે, માટે એને શોધવા ફાફાં મારવાં બંધ કર - **અબી તાલીબ**
- કથા વિવેક જન્માવે છે, જે શુદ્ધ હૃદયથી બોલવામાં આવે, એ બધું જ હરિકથા છે - **મોરારિ બાપુ**
- પ્રામાણિકતા ન હોય, ત્યાં સુધી પવિત્રતા ન આવે, પવિત્રતા વિના પ્રસન્નતા ન આવે - **બોધિવૃક્ષ**
- 'પ્રેમ' તો ચમત્કારિક રસાયણ છે જેમાં બધી મલિનતા નષ્ટ થાય છે - **અવંતિકા ગુણવંત**
- આજનું ઔષધ : શેરડીના સરકામાં ટામેટાને ઉકાળી દસ મિલિ સવાર સાંજ પીવાથી આંતરડાનો ચોંટી ગયેલો મળ નીકળી પેટ ચોખ્ખું થઈ જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ભક્તે સંતને પ્રશ્ન કર્યો કે 'મારા મનમાં અવનવા, સારા-ખરાબ અનેક વિચારો આવ્યા કરે છે અને મને ખૂબ પરેશાની થાય છે. કોઈ ઉપાય બતાવો.' સંતે એને ગામની લોજના રખેવાળ પાસે મોકલ્યો. એ કોઈ જ્ઞાની સાધુ ન હતો. એનામાં કોઈ જ્ઞાનના લક્ષમો ન હતા. ભક્તે પેલા રખેવાળની જીવનચર્યા જોઈ. એ રખેવાળ આખો દિવસ વ્યસ્ત રહેતો હતો. તેની દિનચર્યાનું અવલોકન કર્યા પછી ભક્તને ન સમજાયું કે રાત્રે સૂતાં પહેલા અને સવારે જાગ્યા પછી શું કરવા હતા ? તેણે ઘણી મથામણ કરી પણ ન સમજાયું. એણે રખેવાળને પૂછ્યું. ત્યારે રખેવાળ જવાબમાં કહ્યું, 'રાત્રે હું બધાં વાસણ ઘસી નાખુ છું અને આખી રાત પડી રહેતા એમાં ફરી થોડી ધૂળ જામી જાય એટલે સવારે ઊઠીને ફરીથી તેને ધોઈ નાખું છું. વાસણો ગંદા અને ધૂળવાળા ન થાય એ ધ્યાન રાખવું જરૂરી છે. કારણ કે હું આ લોજનો રખેવાળ છું.' આ વાત ભક્તને હજી સમજાઈ નથી. એટલે તેમે સંત પાસેજઈ બધી વાત જણાવી. સંતે જણાવ્યું. જે જાણવા જેવું હતું તે તું જોઈને આવ્યો છું. પણ તેને તું સમજી શક્યો નથી. રાત્રે તમે પણ પોતાના મનને માંજો અને સવારે ફરીથી તેને ધોઈ નાખો. ધીમે ધીમે ચિત્ત નિર્મળ થઈ જશે.' ભક્તને વાત સમજાઈ ગઈ કે જે રીતે આપણે આપણા ઘરને કે શરીરને સફાઈ કરીએ છીએ તેમ આપણા ચિત્તની પણ નિત્ય સફાઈ અત્યંત જરૂરી છે.

# નાપાક હરકતો સામે સજ્જ રહેવાની જરૂર

**તંત્રીસ્થાનેથી...**

પંદરમી સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય લોકતંત્ર દિવસ તરીકે ઊજવવામાં આવે છે. શાસન વ્યવસ્થાઓમાં અનેક મર્યાદાઓ છતાં લોકશાહી જ સૌથી શ્રેષ્ઠ મનાઈ છે. છેક સોક્રેટિસના સમયથી લોકતંત્ર વિવિધ સ્વરુપો બદલતું રહ્યું છે. આજે વિશ્વની સૌથી શ્રેષ્ઠ લોકશાહી અમેરિકા ગણાય છે અને સૌથી મોટી લોકશાહી તરીકે ભારતે કાઠું કાઢ્યું છે. બ્રિટીશ રાજ પ્રજાકીય આંદોલન ઘણા ઉતાર ચઢાવ સાથે ચાલતું રહ્યું અને ૧૮૫૭નું પ્રથમ સ્વાતંત્ર્ય યુદ્ધ હારી ગયેલું હિંદુસ્તાન આખરે મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠલ ચાલેલા અહિંસક આંદોલનના પગલે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયું. બ્રિટીશ સત્તાવાહકોએ જતાં જતાં દેશનાં બે ટુકડા કરાવવામાં ધારી સફળતા મેળવી જેની ફલશ્રુતિ તરીકે મુસ્લિમ બહુલ વિસ્તારોને પાકિસ્તાન નામ સાથે જુદા રાષ્ટ્ર તરીકે તત્કાળ માન્યતા મળી ગઈ. આ ઘટનાક્રમ પાછળ સૌથી વધારે સક્રિય હતા મહમદ અલી ઝીણા જે મૂળે કાઠિયાવાડી ખોજા હતા અને પાશ્ચાત્ય જીવનશૈલી ધરાવતા તે સમયના પ્રખર ધારાશાસ્ત્રી હતા. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાનો સફળ સત્યાગ્રહ પાર પાડીને ૧૯૧૫માં ભારત આવ્યા ત્યારે એમના સ્વાગત સમારોહનું આયોજન ઝીણાએ જ કર્યું હતું. એ જ ઝીણા આખરે ગાંધીજીની ઈચ્છા વિરુદ્ધ અલગ મુસ્લિમ રાષ્ટ્ર લઈને જંપ્યા. આ બધું અત્યારે એટલા કારણસર યાદ કરવું પડે છે કે લોકતંત્ર તરીકે ભારત સફળ રહ્યું છે જયારે પાકિસ્તાનમાં નામનું જ લોકતંત્ર રહ્યું છે. ચૂંટાયેલી સરકાર પણ ત્યાં આઈએસઆઈ જેવી કુખ્યાત જાસૂસી સંસ્થા અને આર્મીની રહેમ નજર હેઠળ ચૂંટાયેલી હોય છે. વારંવાર આર્મીના જનરલો બળવો કરીને 'લોકશાહી'નું ગળું ટૂંપી દેતા રહ્યા છે. જનરલ અય્યુબખાં, જનરલ ટિક્કાખાન, જનરલ ઝિયા ઉલ હક અને જનરલ પરવેઝ મુશર્રફે ચૂંટાયેલી સરકારોને પદભ્રષ્ટ કરીને સત્તા હસ્તગત કરેલી છે અને પછી દેખાવ ખાતર ચૂંટણી યોજીને પોતે લોકશાહીના નેતા તરીકે પ્રસ્થાપિત થવાનાં નાટક કર્યાં છે. બ્રિટીશરાજના હાકેમ લોર્ડ માઉન્ટ બેટને અંગ્રેજોની વિદાય સાથે જ જૂનાં રજવાડાંને એમનાં રાજ સોંપી દીધા અને જેને જયાં જોડાવું હોય ત્યાં જોડાવાની છૂટ આપી હતી. પંડિત નહેરુ અને સરદાર પટેલ જેવા નેતાઓએ તો ચર્ચાવિચારણાને અંતે પંજાબ અને બંગાળનાં ફાડચાં મંજૂર રાખ્યા હતા પરંતુ દક્ષિણમાં નિઝામ હૈદરાબાદને પાકિસ્તાન સાથે જોડવા માગતા હતા એન ગુજરાતના જૂનાગઢ અને માણાવદરના નવાબ એમના વજીર ભૂટ્ટોની સલાહથી પાકિસ્તાન સાથે જોડાવા તૈયાર થઈ ગયા હતા. જમ્મુ અને કાશ્મીરના મહારાજાએ મોડે મોડે ભારતીય સંઘ સાથેના જોડામ પર હસ્તાક્ષર કરી દીધા હતા પણ ત્યાં સુધીમાં કબાઈલીઓના વેશમાં પાકિસ્તાની સેનાએ કાશ્મીરનો ઘણો મોટો ભાગ કબજે કરી લીધો હતો. પાકિસ્તાન ત્યારથી કાશ્મીર પર એનો હક્કદાવો જતાવતું રહ્યું છે.હમણાં હમણાં અફઘાનિસ્તાનમાં તાલિબાનને સત્તારૂઢ કરવામાં મળેલી સફળતા પછી પાક વડાપ્રધાન ઈમરાનખાન વધુ સક્રિય બન્યા છે. એમણે પાકિસ્તાનનો નવો નકશો જાહેર કર્યો છે જેમાં જમ્મુ અને કાશ્મીર ઉપરાંત હૈદરાબાદ, જૂનાગઢ અને માણાવદરનો સમાવેશ થાય છે. જૂનાગઢના નવાબને પ્રજાકીય વિદ્રોહથી રાતોરાત પાકિસ્તાન નાસી જવું પડ્યું હતું અને નિઝામને સરદાર પટેલના દૂતો તરીકે કનૈયાલાલ મુનશી તથા વી.પી. મેનને મનાવી લીધા હતા. જૂનાગઢના નવાબના વારસદારે પાક વડાપ્રધાન ઈમરાનખાન સાથે બેસીને પોતાના પૂર્વજોનું રાજય પાકિસ્તાનને સોંપાવું જોઈએ એવી રજૂઆત કરી છે. અગાઉ માત્ર જમ્મુ અને કાશ્મીર પાકિસ્તાનને હવે જૂનાગઢનો નવો મુદ્દો સાંપડ્યો છે. આ રજૂઆત હવે પાક તંત્ર દ્વારા યુનાઈટેડ નેશન્સના દરવાજા સુધી પહોંચી છે. જો કે એથી ભારતનો કે જૂનાગઢનો વાળ પણ વાંકો થવાનો નથી, પણ પાકિસ્તાન અત્યારે અફઘાનિસ્તાનમાં તાલિબાનોને પ્રસ્થાપિત કર્યા ફચી ફૂંગરેલું છે. એને લુચ્ચા ચીનને ટેકો છે. ભારત સામે અફઘાનિસ્તાન - પાકિસ્તાન - ચીનની ધરી સરજાઈ છે. લોકશાહી રાષ્ટ્રોએ આવા નાપાક સંગઠનો વિરુદ્ધ એક મંચ પર આવવું જ રહ્યું. ક્વાડ સંગઠન એવો જ એક પ્રયાસ છે. જેમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન અને ભારત સભ્ય દેશો છે. ચીન અમેરિકાની ભારત સાથેની નિકટતાથી અકળાયેલું છે એટલે દેખીતી રીતે જ એ પાકિસ્તાનને ભારત વિરુદ્ધ ઉશ્કેરતું રહેવાનું છે.

## વિશ્વ ઓઝોન દિન ૨૦૨૧

# મોન્ટ્રીયલ પ્રોટોકોલ - આપણને, આપણા ખાદ્ય-પદાર્થોને તેમજ વેક્સિનને ઠંડા રાખે

**પ્રસંગસર**


નરેશ ઠાકર


ઓઝોનપડ હાનિકારક અલ્ટ્રાવાયોલૅટ રેડીએશન સામે કવચ બનીને પૃથ્વી પરની જીવસૃષ્ટીનું રક્ષણ કરે છે. ઓઝોનનો દરેક પરમાણુ ઓક્સિજનના ત્રણ અણુઓનો બનેલો છે. ગરમ વાતાવરણ અને સૂર્યપ્રકાશની હાજરીમાં નાઈટ્રોજન ઓક્સાઈડ્સ અને હાઈડ્રોકાર્બન તરીકે પણ જાણીતા વોલૅટાઈલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ્સ વચ્ચે રાસાયણિક ક્રિયાથી ઓઝોન વાયુ બને છે. પૃથ્વીની આસપાસ આકાશ તરફના સ્ટ્રેટોસ્ફિયરમાં આવેલ આ રક્ષણાત્મક ઓઝોનપડને આપણી ઘણી પ્રવૃત્તિઓ છિન્નભિન્ન કરે છે.

વર્ષ ૧૯૯૪થી, યુએન- યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બરના દિવસને 'ઓઝોન પડની જાળવણી માટે આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. અન્ય પર્યાવરણ દિવસોની જેમ, આ દિવસ પણ 'વિશ્વ ઓઝોન દિન' તરીકે પણ લેખાય છે. વર્ષ ૧૯૮૭માં સદર તારીખે, 'મોન્ટ્રીયલ




પ્રોટોકોલ' તરીકે પ્રચલિત બનેલા ઓઝોનપડને હાનિ કરતા પદાર્થો વિષયક યુનાઈટેડ નેશન્સના નેજા હેઠળ મોન્ટ્રીયલ ખાતે વિશ્વના દેશોએ કરાર કર્યો હતો.

ત્યારથી, વખતો વખતના સુધારાઓ મુજબ મોન્ટ્રીયલ પ્રોટોકોલના ઉદ્દેશોના અમલ માટે પ્રોત્સાહિત કરવા સારૂ, ૧૯૭થી વધુ દેશો જુદીજુદી જનજાગૃતિ પ્રવૃત્તિઓ કરે છે. હવે, ઓઝોનપડની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે, તેમ છતાં હજી ઘણા પગલાં લેવાના બાકી છે.

વિશ્વ ઓઝોન દિન-૨૦૨૧નું વિષયવસ્તુ, 'મોન્ટ્રીયલ પ્રોટોકોલ – કિપિંગ અસ, આવર ફૂડ એન્ડ વેક્સિન કૂલ', યુનાઈટેડ નેશન્સે જાહેર કર્યું છે. જેમાં, 'મોન્ટ્રીયલ પ્રોટોકોલ - આપણને, આપણા ખાદ્ય-પદાર્થોને તેમજ વેક્સિનને (ગ્રીન રેફ્રિજર્ન્ટસથી) ઠંડા રાખે...' તેવું જણાવ્યું છે.

મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણ માટે બહુપક્ષીય ભંડોળનો અમલ કરતી યુએનઈપી-'યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ' સંસ્થા છે. 'ઓઝોન એક્શન' પણ યુએનઈપીના કાયદા વિભાગનો એક હિસ્સો છે. આ 'ઓઝોન એક્શન' કાર્યાલય, 'અનુપાલન સહાય કાર્યક્રમ' મારફતે ૧૪૭ વિકાસશીલ દેશોને સેવાઓ આપે છે.

ભારત સરકારના પર્યાવરણ, વન, ક્લાયમેટ ચેન્જ મંત્રાલયના ઓઝોન સેલ દ્વારા મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણ સહિત રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન મારફતે કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ વિવિધ નીતિ વિષયક પગલાં લીધાં છે. પર્યાવરણ, વન, ક્લાયમેટ ચેન્જ મંત્રાલય દ્વારા 'ધ મોન્ટ્રીયલ પ્રોટોકોલઃ ઈન્ડિયાઝ સક્સેસ સ્ટોરી' શીર્ષક ધરાવતી પુસ્તિકા પ્રસિદ્ધ કરીને, એક પોસ્ટર, પ્રતિજ્ઞાપત્ર તેમજ સ્ટિકરની નકલો સંબંધિત ઉદ્યોગના લોકોને, સરકારી અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓમાં જનજાગૃતિ માટે વિતરણ કરેલ છે. ઓઝોનપડની બાબતોને આવરી લેતા મુદ્દાઓ વિષયક શાળાઓના વિદ્યાર્થીઓમાં ચિલ્ડ્રન્સ પેઈન્ટીંગ સ્પર્ધાઓનું પણ આયોજન કર્યું છે.

**વૈશ્વિક સ્તરે રેફ્રિજર્ન્ટસ સેક્ટર અનુષંગી, ચલણમાં આવેલા નવા શબ્દ-સમૂહઃ**

૧. કોલ્ડ ચેઈન ટેક્નોલોજી બ્રીફઃ યુએનઈપીના ઓઝોન એક્શન સેલ તેમજ આઈ.આઈ.આર.- ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ રેફ્રિજરેશન સંસ્થાઓ દ્વારા કોલ્ડ ચેઈન ટેક્નોલોજી બ્રીફ વિકસાવવામાં આવી છે. વેક્સિન કોલ્ડ ચેઈન સેક્ટરના ટેકનોલોજીકલ, વિશ્વ બજાર તેમજ પર્યાવરણીય પાસાઓ અંગે વેક્સિન ટેકનોલોજી બ્રિફમાં પાયાની માહિતી આપવાનો ઈરાદો છે. આ બ્રીફમાં વેક્સિનના તાપમાનનું નિયંત્રણ, વેક્સિન કોલ્ડ ચેઈન પદ્ધતિઓ વ્યવહારૂ બનાવવી, આ પદ્ધતિઓ સુપેરે ચલાવવાના મહાવરા કરવા, વપરાશમાં લેવાતા રેફ્રિજર્ન્ટ્સ ધ્યાને લેવા, સમગ્ર પદ્ધતિ અનુસરવા ઉદભવતા પડકારો, વેક્સિન અને અનુષંગી જરૂરિયાતોનું ઉત્પાદન અને તેની કાર્યવાહી, કોલ્ડ સ્ટોરેજ, રેફ્રિજરેશન ટ્રાન્સપોર્ટ, કોમર્શિયલ અને ડોમેસ્ટિક તેમજ માછીમારીના વહાણોનો સમાવેશ થાય છે.

૨. કોલ્ડ ચેઈન ડેટાબેઝ મેથોડોલોજીઃ યુએનઈપીના 'ઓઝોન એક્શન' સેલ દ્વારા તેમજ જી.એફ.સી.સી.સી.- ગ્લોબલ ફૂડ કોલ્ડ ચેઈન કાઉન્સિલ સંસ્થાએ સાથે મળીને, વિકાસશીલ દેશોને રેફ્રિજર્ન્ટસ અને સંબંધિત ટેકનોલોજીમાં મદદ કરવા માટે 'કોલ્ડ ચેઈન ડેટાબેઝ મેથોડોલોજી'થી હવે ઓળખાતી પદ્ધતિ વિકસાવી છે.

૩. લેબલિંગ રેફ્રિજર્ન્ટસ સિલિન્ડર્સઃ રેફ્રિજર્ન્ટ્સ સિલિન્ડરોનું લેબલિંગ કરવાની પદ્ધતિ ફરજિયાત દાખલ કરવા માટે દેશમાં જરૂરી કાયદાઓ બનાવવા અથવા તેમાં સુધારા કરવામાં મદદરૂપ બનશે.

૪. ગેસ કાર્ડ ટૂલ એ રેફ્રિજર્ન્ટ્સ ગેસનું વેબ-આધારિત આભાસી/વિઝ્યુલાઈઝેશન સાધન છે. આ ટૂલ મારફતે, ઈજનેરો, કામદારો અને ટેક્નિશિયનો તેમના કામકાજના સ્થળે, વિઝ્યુઅલ પ્રિન્ટ કરી શકે તેવા કાર્ડ્સ ઉપલબ્ધ કરનાર સાધન છે.

૫. રેફ્રિજરેશન અને એર-કન્ડીશનીંગ એકમોમાં મહિલાઓનું પદાર્પણ – મહિલાઓના વ્યક્તિગત અનુભવો અને સિદ્ધિઓઃ આપણા આરોગ્ય, પોષણ, આરામ અને સુખાકારી માટે ખોરાકને બગડતો અટકાવવાથી લઈને વેક્સિનોની જાળવણી સુધી, હોસ્પિટલોથી લઈને આપણા ઘરોમાં, એર-કન્ડીશનીંગથી રેફ્રિજરેશન તેમજ એર-કન્ડીશનીંગ મહત્વનું બની રહ્યું છે. વૈશ્વિક સ્તરે, આ રેફ્રિજરેશન અને એર-કન્ડીશનીંગનું ક્ષેત્ર પુરુષ પ્રધાન કામગીરીની જગ્યા તરીકે બની રહ્યું છે.

પરંતુ હવે, મહિલાઓ તેમજ પુરુષો બન્ને માટે આ ક્ષેત્ર વ્યવસાયી કારકિર્દી બની શકે છે. યુએનઈપીના ઓઝોન એક્શન સેલ તેમજ 'યુએન વિમેન' સંસ્થા દ્વારા મહિલાઓ માટે રેફ્રિજરેશન અને એર-કન્ડીશનીંગ ક્ષેત્રે કામગીરીની તકો ઉપલબ્ધ કરવા માટે જનજાગૃતિ કાર્યક્રમો કરી રહેલ છે. તેમજ આ ઝડપથી વિકસતા અને મહત્વના ક્ષેત્રમાં કારકિર્દી મેળવવા માટે છોકરીઓને ટેકો આપે છે. કાર્બન ડાયોક્સાઈડ, અમોનિયા તેમજ પાણીને પણ 'કુદરતી' રેફ્રિજર્ન્ટસ ગણવામાં આવે છે. હાઈડ્રોફ્લોરોકાર્બન્સ, હાઈડ્રોફ્લોરો-ઓલિફિન્સનો ઉપયોગ હવે રેફ્રિજર્ન્ટસ તરીકે થાય છે.

ચાલો, આપણે પણ લોકોને ઘરેલું, વાણિજ્ય તેમજ ઔદ્યોગિક વપરાશ માટે પર્યાવરણને અનુકૂળ રેફ્રિજર્ન્ટ્સ સાધનોનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરીએ. હાલમાં, પુરુષ પ્રધાન કાર્યક્ષેત્ર ગણાતા એવા રેફ્રિજર્ન્ટ્સ સેક્ટરમાં દાખલ થઈને કારકિર્દી બનાવવા માટે પ્રેરણા આપીએ. તદ્ઉપરાંત, આપણને, આપણા ખાદ્ય-પદાર્થોને તેમજ વેક્સિનને ગ્રીન રેફ્રિજર્ન્ટસથી જ ઠંડા રાખવા મોન્ટ્રીયલ પ્રોટોકોલ મુજબ અનુસરવા સહયોગ કરીએ.


- nareshkthakar@gmail.com
● એન્વિરોન્મેન્ટ કમ્યૂનિકેટર


# તમારા કુટુંબનાં રાજુ, જીતુ કે રમણનું શું નામ છે?

**નખરાળી જિંદગી**




નિયતી કાપડીયા


દરેકના કુટુંબમાં એકાદ રાજુ કે જીતુ કે પછી રમણ ચોક્કસ હોય. આજના જમાના પ્રમાણે કદાચ નામ નવુંહોય શકે પણ એમના સ્વભાવગત લક્ષણો તો ડિટ્ટો સેમ ટુ સેમ જ હોય! ના, ના આ તમારા સગા ભાઈ નથી પણ સગા ભાઈ જેવા જ છે. પરિવારમાં નજીકના સગામાં કે ક્યારેક દૂરનાં કોઈ કાકા/મામાના કુટુંબમાંથી આ વિરલા ચાલ્યા આવતા હોય છે. આમ તો વરસો સુધી એમની હાજરીનો આપણને ખ્યાલ પણ ના આવે, મનમાંથી એમનું નામય ભુલાઈ ગયું હોય પણ એકવાર તમારે ઘરે લગ્નનો કે એવો કોઈ મોટો પ્રસંગ આવવા દો, સૌથી પહેલા તમને એ જ નામ યાદ આવશે!

દીકરીના લગ્ન ગોઠવ્યા હોય, એનું કેટલુંય ટેન્શન માથે હોય ત્યારે એ માણસ ઘરે આવી જાય અને હરખભેર બધુ નાનું મોટું કામ માથે લઈ લે કે તરત યજમાનને માથેથી ભાર ઉતરી જાય! કંકોતરી આપવાથી લઈને લગ્ન બાદ ઓળખીતાને ઘરે વધેલા લાડું વહેંચવા સુધી પછી આ માણસ જ યાદ આવે. જેવા ઘરમાં કોઈના લગ્ન નક્કી થાય કે તરત આવા ભાઈને એક ફોન કરવો પડે પછી એમના સામેથી ફોન આવવાના ચાલુ થઈ જાય. જરૂર પડે આપણે એમને ફોન કરવાનું વિચારતા જ હોઈએ અને ત્યાં તો એ સાક્ષાત હાજર થઈ જાય... નાના નાના કપાયેલા વાળ, ઝડપથી મેલું ના થાય એવા રંગનું પેન્ટ અને જુનો અડધી બાંયનો બુશકોટ એમનો કાયમનો પહેરવેશ. બે ભાવવહી, બોલકી આંખો, કપાળે લાલ તિલક, ભોળો ચહેરો અને માસૂમ સ્મિત જોતા એમ થાય કે આ માણસ ખરેખર કંઈ કામ કરી લેશે ખરા પણ જેવું એ કોઈ સૂચન કરે કે તરત જ એમની વ્યવહારિકતાનો ખ્યાલ આવી જાય...''એ કાકી આ ટીની કેવડી મોટી થઈ ગઈ! હજી દીનેશકાકાના સુરિયાના લગ્નમાં જોયેલી ત્યારે તો સાવ નાની ઢબૂડી હતી. કાકાએ કહ્યું કે એના લગ્ન રાખ્યા ત્યારે પહેલા તો મને વિશ્વાસ જ નહોતો આવ્યો.' એ ઘરમાં આવતા જ લગભગ આ રીતે વાત ચાલુ કરે. જેના લગ્ન હોય એ ટીની શરમાતી શરમાતી આવી એમના હાથમાં ચાનો કપ પકડાવે કે તરત સાંભળવા મળે,

''આ...હા...હા...આટલી બધી ચા હોય બેન? તું તો તારા પપ્પાને માથે ટાલ પાડી દઈશ! અડધો કપ જ ભરવાનો!' પછી ટીનીના માથે હાથ મૂકી એક મજાનું સ્મિત આપી ફરી ટીનીની મમ્મી સાથે વાતે વળગે, ''કાકી તમારા શહેરવાળાના ઘરમાં કીટલી જેવુંકંઈ રાખ્યું છે કે નહિ? હવે મહેમાનો આવવા ચાલુ થઈ જશે ત્યારે આમ કપમાં ચા નહિ પોસાય. ડઝન બે ડઝન રકાબીઓ અને કીટલી જોઈશે.'' રસોડાની અંદર પણ નહિ અને બહાર પણ નહિ એમ બારણાની વચ્ચોવચ ઉભા રહી વાત કરવાનું એમને ફાવે. એમની વાત સાંભળીને રસોડામાં હાજર બે ત્રણ સ્ત્રીઓ એકબીજા સામે ઘડીક જોયા કરે અને પછી તરત ચણભણ ચાલું થાય. વરસો પહેલાં ઘરમાં બે ડઝન રકાબી આવેલી એમાંની હવે કેટલી બચી છે એની ગણતરી થાય, કેટલી ફૂટી અને કોણે ફોડી એનો પણ હિસાબ મંડાય...ત્યારે પાછું આ રાજુ કે રમણ ભાઈએ જ વચ્ચે પડવું પડે. ''હું માર્કેટમાં જઈને નવી બે ડઝન સસ્તી રકાબી લેતો આવું છું, હવે રકાબીની માથાકૂટ મેલો. બીજું પણ કંઈ લાવવાનું હોય તો યાદ કરી લો એક ધક્કામાં બધુ પતી જાય. મહેમાનોની થાળીમાં કંસારમાં ઘી પરોસવા વાઢી જોઈશે એ તો હાથવગી છે ને?''

ફરી રસોડામાં ચણભણ ચાલું થાય અને ઘરનું એકાદ સ્ત્રી પાત્ર એની સાસુએ જે ભેદ જાહેર કરવાની મનાઈ કરી હોય એ જાહેર કરી દે, ''વાઢી છે તો ખરી પણ આગળથી એનું મોઢું જરાક બરકાઈ ગયું છે! મેં તો ક્યારનુંય કહ્યું હતું કે નવી વાઢી લાવી દો પણ...'' ''હવે એમ કારણ વગર વાઢીનો ખર્ચો ના કરાય, ઘરમાં તો એ બરકાઈ ગયેલા મોંઢાવાળી વાઢી ચાલી જાય છે એ કંઈ ઘી આપવાની ના નથી કહેતી અને ખાવાવાળાનું ધ્યાન ઘીની ધારમાં હોય કે વાઢીના મોંઢા તરફ હોય?'' ''અરર...કાકી આ શું બોલ્યા? તમારા જેવા શેઠિયાને ઘરે તો લોકોને ધાતુની વાઢીની અપેક્ષા હોય. એમ ક્યાં લોકોને રોજ રોજ તમારે ઘરે કંસાર ખાવા મળવાનો અને વાઢી જેવી વસ્તુ તો ઘરની શાન કહેવાય! ખાનદાન ઘરમાં જ જોવા મળે નહીંતર એમ તો ચમચીથી ઘી ક્યાં નથી પીરસાતું? બે ડઝન રકાબી, એક વાઢી લાવવાનું નક્કી.'' તરત જ એમના ગજવામાંથી એક નાનકડી પોકેટ ડાયરી જેવું કંઈક અને લખીને ખાલી થયે ફેંકી દેવાવાળી પેન નીકળી આવે અને લિસ્ટ બનવા માંડે. શાકભાજી, મસાલા, કપડાં, ઘરની સ્ત્રીઓનાં મેચિંગ બ્લાઉઝ કે સિલાઈ માટે આપેલા કપડાં, વેવાઈ વર્ગ માટે લેવાના કપડાં, વ્યવહારમાં આપવામાં કપડાં, જેના લગ્ન હોય એને માટેના પ્રસંગ અનુસાર કપડાં અને ઘરેણાં, પાર્લરવાળી બહેનો, મહેંદીના કોન, ફૂલની વેણીઓ, ફૂલના હાર અને છૂટા ફૂલ, ફટાકડા, મીઠાઈ અને બીજી અધધ કહી શકાય એવી ઝીણી ઝીણી વસ્તુઓ એ યાદ કરાવતા જાય. આપણને એમ કે મેં બધુ કરી લીધું છે અને નિશ્ચિંત થઈ ગયા હોય ત્યારે એ કોઈ ને કોઈ ક્ષતિ બતાવી તરત પાછા એનો ઉકેલ પણ લઈ આવે... આતો હજી શરૂઆત થઈ એ પછી તો દરેક વિધિ, દરેક રીત, દરેક રસમ માનો એમની સલાહ વગર અધૂરી લાગે...આપણને એકવાર એ આવીને કહી દે કે બધુંઓકે છે ત્યારે જ ખરેખર બધુંઓકે છે એમ લાગે! આ લોકોને પાછી શરમ જરાય ન નડે! વેવાઈ પક્ષે કોઈક રિસાઈ ન જાય એનુંય પૂરતું ધ્યાન રાખે, એમના માટે બીડી, ગુટખાની સવલત પણ કરી આપે અને જરૂર પડે થાળીમાં પાણી ભરેલા ગ્લાસ લઈ બધાને હસતા હસતા પાણી પાતા ''કેમ છો?'' એમ પણ પૂછી લે. છેલ્લે વિદાય વખતે ચાની કીટલી હાથમાં લઈ આગ્રહ કરી કરીને બધા મહેમાનોને ઘૂંટડો ચા આપે અને કોઈ ભૂલચૂક થઈ હોય તો માફી માંગે ત્યારે એ માણસ દુનિયામાં આપણો સૌથી નજીકનો સગો લાગે! છેલ્લે કન્યા વિદાયની વસમી વેળા આવે ત્યારે ટીની આ જ દૂરના કાકા/મામા/ભાઈને ગળે વળગી હીબકા ભરી રડતી હોય અને એ વખતે આ બધી વાતે હોશિયાર માણસ ચૂપ થઈ ગયો હોય, લાગણીનું એવું ઘોડાપૂર આવ્યું હોય કે એક શબ્દ પણ બોલાય નહિ...

છેલ્લે બધા મહેમાન વિખરાય જાય, ઘર ખાલીખમ થઈ જાય પછી એ રજા માંગે અને વિદાય લે તે ફરી વાર બીજા કોઈ પ્રસંગે જ જોવા મળે!

**અમસ્તું,**

**દરેક પ્રસંગને રંગેચંગે પાર પાડવા હજી ભાડૂતી રમણ/જીતુ/રાજુ ભાઈ નથી મળતા એ યાદ રાખવું!**


@KapadiaNiyati


# દ્વિધાનો ભાર વેંઢારવાની શક્તિ દરેક પાસે હોતી નથી

**અબીલ-ગુલાલ**




મમતા રાવલ


તાલિબાન સરકાર ને માન્યતા આપવાની ભારત સરકારે ના પાડી. લાંબી રાહ જોવડાવ્યા પછી પણ જે નિર્ણય જાહેર કરાયો એ આપણા દેશ ને છાજે એવો છે એમ હું માનું છું. અહિંસા પરમો ધર્મ, નારી તું નારાયણી જેવા અનેક માનવીય મૂલ્યો જે દેશની સંસ્કૃતિ છે એવા ભારત દેશનો આ નિર્ણય યોગ્ય છે એવું મારું અંગત રીતે માનવું છે.

આ નિર્ણય આવ્યા પછી ઘણી ટીપ્પણઓ કે મતમતાંર થઈ શકે. પરંતુ નિર્ણય લેનાર સત્તાધીશો માટે આ ખૂબ કપરું કામ બની રહ્યું હશે. દેશ-વિદેશના પ્રત્યાઘાતો તેમજ સુરક્ષા સંબંધિત ચિંતાઓ, આવી બધી જ બાબતો થકી સખત દ્વિધાના વાતાવરણ વચ્ચે વાટાઘાટો, વિચાર વિમર્શના સહારે આ નિર્ણય લેવાયો હશે.

આવા નિર્ણયો અને દ્વિધા જીવનમાં ડગલે પગલે અંતરાયો ઊભા કરી માણસની પરીક્ષા લેતા જ રહે છે. દ્વિધાનું નડતર સ્પષ્ટ દેખાતું નથી પરંતુ એ માણસની વૈચારિક શક્તિ કુંઠિત કરી દે છે. દ્વિધાને કારણે કશ્મકશ રાત દિવસ અને બારેમાસ ચાલતી જ રહે છે. ગૃહીણીની રસોઇની બાબત થી શરૂ કરીને છેક સરકાર દ્વારા લેવાતા મહત્વના નિર્ણયો સુધી સતત દ્વિધાનું સામ્રાજ્ય છવાયેલું છે.

દુનિયાની કોઈપણ વ્યક્તિ દ્વિધાથી મુક્ત નહીં હોય એવું કહી શકાય. દર મિનિટે, ઓછામાં ઓછા બે કે બે થી વધારે ઓપ્શન્સ માંથી વ્યક્તિએ નિર્ણય લેવાના બને છે. નિર્ણય લેવા સાદી સીધી લાગતી પરંતુ ભરપૂર શક્તિનો ખર્ચ કરાવતી પ્રક્રિયા છે. સિમીત જીવન વિસ્તાર ધરાવતી વ્યક્તિ હોય કે બહોળો પ્રસાર ધરાવતી વ્યક્તિ દરેક આવા નાની મોટી અસમંજસ વચ્ચે ઝોલા ખાઇને જીવન જીવી રહ્યા છે. સવારે ઊઠીએ ત્યારથી ચાલવા જવું ના જવું, યોગા કરવા કે ચાલશે, જમવું ક્યારે, નાસ્તો શું, કપડાં કયા પહેરવા, ફોન ઉપાડવો કે ન ઉપાડવો, રોજ સવારે – સાંજ શું બનાવવું, બાળકો માટે કઇ સ્કૂલ યોગ્ય, પરણવા માટે કયું પાત્ર યોગ્ય, નોકરી કઇ યોગ્ય, ઘર નવું લેવું કે ના લેવું, બહાર જવું કે ના જવું, ક્યા ડોક્ટર પાસે જવું, સંબંધ રાખવો કે ના રાખવો ? આ બધા એવા લોકોની મૂંઝવણના ઉદાહરણો છે જે આ છાપું કે લેખ વાંચવા સુધી પહોંચી શક્યા છે. એનાથી નીચે કે એનાથી ઉપરના વર્ગની દ્વિધાઓ જુદી છે.

જીવન દરમ્યાન કંઇ કેટલીય અઘરી દ્વિધાભરી પરિસ્થિતીનો સામનો કરવાનું માણસને ભાગે આવતું હોય છે. જે વ્યક્તિના મગજનો કચ્ચરઘાણ કાઢી નાંખે છે. જવાબદારી ભર્યું સ્થાન ભોગવતા વ્યક્તિઓના મનની સ્થિતી તે ઓજ જાણતા હશે. કોઈપણ આદેશ કે નિર્ણય પર કામ કરવું સરળ છે. પરંતુ આદેશ આપવાની સ્થિતિ સુધી પહોંચનારનું મનોમંથન, પાલન કરનારની જાણ બહાર હોય છે.

દ્વિધાનો ભાર વેંઢારવાની શક્તિ દરેક પાસે હોતી નથી. અને હોય તો પણ એનું યોગ્ય વલોવણ કરી તેમાંથી નવનીત છૂટું પાડી શકવાની એટલે કે યોગ્ય નિર્ણય લઈ શકવાની ક્ષમતા બહુ જૂજ લોકોમાં જોવા મળે છે. મોટા ભાગના લોકો નિર્ણયો લેવા પડે એવી સ્થિતી થી દૂર રહી જસ્ટ જીવન હાંકે રાખે છે. એની સાથે જીવનનો વિકાસ, આનંદ દરેક બાબત ઠેલાતી રહે છે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય અસમંજસ ભરી પરિસ્થિતીનો અંત આણે છે. વ્યક્તિમાં હકારાત્મકતા, આત્મવિશ્વાસ અને જીવનમાં પ્રગતિ પ્રેરે છે.

અધ્યાત્મ કહે છે, હું કરું, હું કરું નું ગુરુર ખોટું છે. બધું જ ભગવાનની ઈચ્છા ને આધીન છે. વિશ્વની દરેક ઘટના એના ઈશારાથી આકાર પામે છે. છતાં પણ દરેક ડગલે દ્વિધાનો સામનો તો માણસે કરવાનો આવે જ છે. જે નિર્ણય લેવાય એમાં ઈશ્વરની પરોક્ષ સંમતિ માની લેવી સરળ છે. પરંતુ એ પહેલાં અનુભવાતી ખેંચતાણાની સ્થિતિનો માનવી પોતે જ સાક્ષી હોય છે.

મુંબઈની ચાલીમાં રહેતી રૂપકડી દિકરી ગરીબી અને તકલીફોમાંથી મા-બાપ, નાના ભાઈઓને છૂટકારો અપાવવા પોતે પોતાની જાતની હત્યાનો નિર્ણય લઈ લે છે. એ પહેલાંનો એનો માનસિક સંઘર્ષ સમજી શકાય એવો છે જ. આવી દરેક વ્યક્તિ દ્વિધાના આવરણને ભેદવાની શક્તિ ગુમાવી બેસે છે. યોગ્ય નિર્ણય લેવા અક્ષમતા દાખવીને વ્યસન, જ્યોતિષ, મંત્ર-તંત્ર જેવા ભ્રામિક સહારાઓ ને રવાડે ચઢી જાય છે. જે એવું દલદલ છે જેમાં ઘૂસેલા માનવો જીવનભર ભટક્યા કરે છે. ઈશ્વરે માણસને લાગણીઓ, ભાવનાઓથી સભર બનાવ્યો છે. સંવેદનશીલતાએ માનવી હોવાનું પ્રમાણ હોવા સાથે ક્યારેક નબળાઈ પૂરવાર થાય છે. અને એજ દ્રિધાનું કારણ બને છે.

એવા પણ લોકો જોવા મળે છે. જે પોતાના નિર્ણયોમાં ત્વરિત અને સ્પષ્ટ હોય છે. કોઈ લોભ-લાલચ, મોહ-માયાની અસર એમના નિર્ણયો પર થતી નથી. મનને મજબૂત બનાવવું, સ્પષ્ટ બનાવવું જરૂરી છે. જે દ્રષ્ટિકોણ થી નિર્ણય લેવાનો હોય એ દ્રષ્ટિકોણને નજર સમક્ષ રાખી યોગ્ય - અયોગ્ય પાસામાં માહિતી વહેંચવી એ પહેલું પગથિયું છે. કદાચ બધા પાસામાં સ્પષ્ટ યોગ્ય અથવા અયોગ્ય એવું વ્યાખ્યાયિત કરવું શક્ય નહીં હોય પરંતુ મહત્તમ રીતે દ્રષ્ટિકોણને વળગી રહેવાની કોશિશ કરીને દ્વિધામાંથી બહાર નીકળવાની અને નિર્ણયની દિશા પકડવાની કોશિશ સફળ થવાની શક્યતા વધુ રહેલી છે. ડગલે-પગલે વધું પડતું મનોમંથન માનસિક રોગ સુધી દોરી જાય છે. જ્યાં કુદરતના હાથમાં સોંપવાથી ચાલે એમ હોય તો તેમ એમ કરવું યોગ્ય ઉપાય છે. છેવટે માણસ માટે મથામણ એજ માર્ગ છે.